# કેન્સવિલે ચેલેન્જમાં ભુલ્લર ચેમ્પિયન

## ગોલ્ફ કોર્સ માટે પાંચ કંપનીઓ સાથે એમઓયુ થયાં છે, ગોલ્ફ ટૂરિઝમ વિકસાવાશે : નરેન્દ્ર મોદી

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ



કેન્સવિલે ગોલ્ફ કોર્સ ખાતે રમાયેલી પ્રથમ ઈન્ટરનેશનલ સ્પર્ધા ગુજરાત કેન્સવિલે ચેલેન્જ ગોલ્ફ ચેમ્પિયનશિપમાં ભારતનો ગગનજીત ભુલ્લર ચેમ્પિયન બન્યો હતો અને દેશમાં રમાયેલી આ ત્રીજી મેજર ટૂર્નામેન્ટમાં ચેમ્પિયન બનનાર ભુલ્લર પ્રથમ ભારતીય ગોલ્ફર છે. બીજા અને ત્રીજા ક્રમે ઈંગ્લેન્ડના બે ગોલ્ફર જેની મોલ્ડ અને મેટ ફોર્ડ રહ્યા હતા. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે આ ત્રણેય ખેલાડીઓ ટ્રોફી તથા ચેકથી સન્માનિત થયા હતા.

આંતરરાષ્ટ્રીય સ્પર્ધાના સમાનપ સમયે નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં ગોલ્ફ ટૂરિઝમ અને ગોલ્ફ કલ્ચરનો ઘણો ઝડપથી વિકાસ થઈ રહ્યાં છે અને રાજ્ય સરકારે ગોલ્ફ કોર્સ માટે પાંચ ખાનગી કંપનીઓ સાથે એમઓયુ કર્યા છે. સ્વર્ણિમ જયંતીનાં વર્ષમાં ગુજરાત હવે ગ્લોબલ બિઝનેસ માટે હબ બની ગયું છે ત્યારે આંતરરાષ્ટ્રીય ગોલ્ફ ટૂર્નામેન્ટની સફળતાના કારણે ગુજરાતે વિશ્વ ગોલ્ફમાં અનેરું સ્થાન મેળવ્યું છે.

મોદીએ જણાવ્યું હતું કે ગોલ્ફની ટૂર્નામેન્ટથી યુવા વર્ગમાં આ રમત પ્રત્યે ઉત્સાહ તથા રુચિ ઉત્પન્ન થશે. અત્યારે તો આ રમત વિદ્યાર્થીઓથી લઈને હાઉસવાઈફ સુધી પહોંચી ગઈ છે. સરકાર ગુજરાત સ્પોર્ટ્સ ટૂરિઝમને પણ પ્રોત્સાહન આપવાની યોજના ઘડી ચૂકી છે. મુખ્યમંત્રીએ સહેજ હળવા મૂડમાં એમ પણ જણાવ્યું હતું કે વિશ્વભરના રમતવીરોને ભલે ગુજરાતમાં રમવા બોલાવીએ પરંતુ 'ખેલ ભી હમારા હોગા ઔર જીત ભી હમારી હોગી'. ઈનામવિતરણ પ્રસંગે કેન્સવિલેના મેનેજિંગ ડિરેક્ટર જક્ષય શાહ અને સમીર સિન્હા, રંજન ખેર, પદ્મજિત સંધૂ હાજર રહ્યા હતા. સમીર સિન્હાએ જણાવ્યું હતું કે આ ટૂર્નામેન્ટની યજમાની કરનાર ગુજરાત ભારતનું માત્ર ત્રીજું શહેર છે અને સ્પર્ધાનું સફળ આયોજન કરવાનું તમામને ગૌરવ છે.

(તસવીર : વિજય ઝવેરી)